મંદબુધ્ધિની બહેનોનું ગૃહ, નરોડા, અમદાવાદની સંસ્થા ફરતે કોટ બનાવવા માટે વહીવટી મંજુરી આપવા બાબત
રૂ.૯૮.૨૮ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૨૦/૫૪૫૮૨૬/નબા./છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૨૦/૧૦/૨૦૨૧

**વંચાણે લીધા:-**

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૧૭/૧૨/૨૦૨૦ના પત્ર ક્રમાંક:- સસુખા/યજન/બકમ/૨૦-૨૧/૧૬૮

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૩૧/03/૨૦૨૧ના પત્ર ક્રમાંક:- સસુખા/યજન/બકમ/૨૦-૨૧/૨૨૭

**પ્રસ્તાવના:-**

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી અનાથ, નિરાધાર બાળકો, વિકલાંગો(દિવ્યાંગો), વૃધ્ધો માટે સહાય સંભાળ રક્ષણ અને પુન:સ્થાપનની કામગીરી કરે છે. સરકારી અને અનુદાનિત સંસ્થાઓ અનાથ નિરાધાર અને સાર સંભાળની જરૂરિયાતવાળા બાળકોને આશ્રય, રક્ષણ, ભોજન, શિક્ષણ અને સલામતીની જરૂરિયાતો પુરી પાડીને સમાજમાં પુન:સ્થાપન કરવાની કામગીરી કરે છે. બિનવારસી રક્ષણ અને સંભાળની જરૂરિયાતવાળી બાળાઓમાં ઘણીવાર મંદબુધ્ધિની બાળાઓ-મહિલાઓ પણ હોય છે જે વિશિષ્ટ પ્રકારની કાળજી માંગી લેતી હોય છે જેને સામાન્ય બાળાઓ-મહિલાઓ સાથે રાખી શકાય નહિ તે હેતુને અનુસરવા માટે નરોડા ખાતે મંદભુધ્ધિની મહિલાઓ માટેનું ગૃહ કાર્યરત છે. આ ગૃહમાંથી મહિલાઓ ભાગી ન જાય તે માટે કોટ કરવાની તાતી જરૂરિયારત ઉભી થયેલ હોય,વંચાણે લીધેલા ક્રમાંક(૧)ના પત્રથી નિયામકશ્રી(સ.સુ.)એ મંદબુધ્ધિની બહેનોનું ગૃહ, નરોડા, અમદાવાદની સંસ્થા ફરતે કોટ બનાવવા માટે વર્ષ ૨૦૨૧-૨૨ની માર્ગ અને મકાન વિભાગની બજેટબુકમાં રૂ.૧૦૮.00 લાખની જોગવાઇ કરવા દરખાસ્ત કરેલ હતી. જેની સામે રૂ. ૯૮.૨૮ લાખની જોગવાઇ બજેટબુકમાં કરવામાં આવેલ છે. વંચાણે લીધેલા ક્રમાંક(૨)ના પત્રથી મંદબુધ્ધિની બહેનોનું ગૃહ, નરોડા, અમદાવાદની સંસ્થા ફરતે કોટ બનાવવા માટે રૂ.

૨,૧૫,૬૦,૦૦૦/- લાખના બ્લોક એસ્ટીમેઢ અન્વયે વર્ષ ૨૦૨૧-૨૨ માટે રૂ.૯૮.૨૮ લાખની વહીવટી મંજુરી આપવા દરખાસ્ત કરેલ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, મંદબુધ્ધિની બહેનોનું ગૃહ, નરોડા, અમદાવાદની સંસ્થાની ફરતે કોટ બનાવવા માટે બજેટબુકમાં થયેલ જોગવાઇ મુજબ રૂ.૯૮.૨૮ લાખની નીચે મુજબની શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે.

૧. આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૧-૨૨ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતાં ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

૮. બાંધકામના કામોમા P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૯. સુચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

૧૦. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પુર્ણ કર્યા બાદ જ વર્ક ઓડર આપવાના રહેશે.

૧૧. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદુષણ નિયંત્રણ બોર્ડની મંજુરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજુરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

૧૨. આ કામની ડિઝાઈન/તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શન સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૩. મંજુર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવી રહેવાની રહેશે.

૧૪. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજુરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

૧૫. ખુટતી રકમની જોગવાઇ આગામી નાણાંકીય અંદાજપત્રોમાં વિભાગની બજેટ સીલિંગની મર્યદામાં કરાવી લેવાની રહેશે.

૧૬. સદરહુ બાબતનો ખર્ચ નીચેના સદરમાંથી કરવાનો રહેશે

| | |
|---|---|
| માંગણી નં: | ૮૪ |
| સેક્ટર-ખ: | સામાજિક અને સમૂહ સેવાઓના મૂડી હિસાબ |
| સબ સેક્ટર- | (છ) સામાજિક કલ્યાણ અને પોષણ |
| મુખ્ય સદર- | ૪૨૩૫-સામાજિક અને કલ્યાણ અંગે મૂડી ખર્ચ |
| મુખ્ય પેટા સદર- | ૨૦૧- પુન:સ્થાપન |
| ગૌણ સદર- | ૪૨-મકાનો |
| પેટા સદર- | મકાન(માર્ગ અને મકાન) |
| | ૫૩૦૦-મોટા કામ |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૬/૧૦/૨૦૨૧ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ.કે.પાઠક

(યુ.કે.પાઠક)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.